ગુજરાતી (Gujarati)

GET READY

# એક યોજના બનાવો



## આ યોજના કોના માટે છે?

### ઘરના સભ્યો

નામઃ

સંપર્કની વિગતોઃ

નામઃ

સંપર્કની વિગતોઃ

નામઃ

સંપર્કની વિગતોઃ

નામઃ

સંપર્કની વિગતોઃ

### શું કોઇની વિશેષ જરૂરિયાતો છે?

શું આપના કુટુંબમાં કોઇને ખાલી કરવા માટે કે કટોકટીના સમય દરમિયાન ઘરમાં ફસાયેલા હોવાને કારણે મદદની જરૂર પડશે? શું કોઈ વ્યક્તિ ચાલવામાં સહાયક કે ચિકિત્સા ઉપકરણો કે અન્ય કોઈ વિશેષ ઉપકરણ પર નિર્ભર છે? શું કોઈ પ્રિસ્ક્રિપ્શનની દવાઓ પર નિર્ભર છે? વીજળી ઉપલબ્ધ ન હોય ત્યારે શું તેમની પાસે ત્રણ કે તેથી વધુ દિવસ ચાલે એટલો પુરવઠો છે કે પછી કોઈ અન્ય વિકલ્પો છે?

### શું તેઓને કોઈ શિશુઓ કે બાળકો છે?

દુકાનો અને રસ્તાઓ બંધ હોય તેવી સ્થિતિમાં આપની પાસે ત્રણ કે તેથી વધુ દિવસ ચાલે એટલા નેપી, ફોર્મ્યુલા વગેરે છે? ઉતાવળમાં ઘર છોડીને નીકળવું પડે તેવી સ્થિતિમાં શું આપે ઉઠાવી શકાય તેવી એક બેગમાં (જરૂરી) વસ્તુઓ ભરીને રાખી છે?

### કોઈ પાલતું પ્રાણી છે?

આપના પ્રાણીઓ એ આપની જવાબદારી છે, આથી આપના ઇમર્જન્સી પ્લાનિંગમાં તેમનો સમાવેશ કરવાનું સુનિશ્ચિત કરો. શું આપની પાસે ત્રણ કે તેથી વધુ દિવસ ચાલે એટલા ખોરાક-પાણી છે? શું આપની પાસે તેમને સ્થળાંતરિત કરવાના અને તેમને સલામત રાખવાના પાંજરા કે વાહકો છે? આપ જો ઘરે ન પહોંચી શકો તો એવી કોઈ વ્યક્તિ છે જે આપના પ્રાણીઓની સારસંભાળ રાખી શકે?

### મદદની આવશ્યકતા હોય તેવી અન્ય કોઈ વ્યક્તિ છે?

આપના કોઈ મિત્રો, કુટુંબીજનો કે પડોશીઓ એવા છે જેમને ઘરમાં કટોકટીની સ્થિતિને પાર પાડવા અથવા તો ત્યાંથી બહાર નીકળવા આપની મદદની જરૂર હોય?

નામઃ

સંપર્કની વિગતોઃ

નામઃ

સંપર્કની વિગતોઃ

નામઃ

સંપર્કની વિગતોઃ

GET READY

# એક યોજના બનાવો



## ઉપયોગી સંપર્કો

કટોકટીની સ્થિતિમાં હંમેશા 111 ડાયલ કરો. આપની કાઉન્સિલની ઇમર્જન્સી હોટલાઇન, મેડિકલ સેન્ટર/ડૉક્ટર, મકાન માલિક, વીમા કંપની, પાવર કંપની, ડે કૅર/શાળા, કામ અને કુટુંબીજનો અંગે વિચારો.

નામઃ **ઇમર્જન્સી સર્વિસિઝ** સંપર્કની વિગતોઃ **111**

નામઃ સંપર્કની વિગતોઃ

નામઃ સંપર્કની વિગતોઃ

## આપણે જો ઘરે ન પહોંચી શકીએ તો

### આપણું મળવાનું સ્થળ

કટોકટીની સ્થિતિ સર્જાય ત્યારે આપ જો એકબીજાનો સંપર્ક ન કરી શકો અને એકબીજાથી છુટા પડી જાઓ તો આપ ક્યાં મળશો? આપ ત્યાં કેવી રીતે પહોંચશો?

સરનામું અને સૂચનો ઉમેરો.

### બાળકોને લેવા માટે કોણ જશે?

આપ જો બાળકને શાળા, ડે કૅર, આફ્ટરસ્કુલ કૅર વગેરેમાંથી લેવા માટે જઈ શકો તેમ ન હો તો તેમને લેવા માટે કોણ જશે? શું તેઓ આ અંગે જાણે છે? શું શાળા/ડે કૅર પાસે તેમની વિગતો છે?

નામઃ સંપર્કની વિગતોઃ

નામઃ સંપર્કની વિગતોઃ

નામઃ સંપર્કની વિગતોઃ

## જો આપણે એકબીજાનો સંપર્ક ન કરી શકીએ તો

તમે કોની સાથે તપાસ કરશો (સ્થાનિક ફોન સેવાઓ ઠપ્પ હોય તેવા કિસ્સામાં કોઈ વ્યક્તિ શહેરની બહાર ગઈ હોય)?

નામઃ સંપર્કની વિગતોઃ

નામઃ સંપર્કની વિગતોઃ

નામઃ સંપર્કની વિગતોઃ

## આપણે શેના મારફતે અપડેટ્સ મેળવીશું?

આપ તાજેતરના સમાચારો/ચેતવણીઓ કેવી રીતે મેળવશો? આપ કયા રેડિયો સ્ટેશનને સાંભળશો? આપ કઈ વેબસાઇટ્સ અને સોશિયલ મીડિયા પેજ ચકાસશો?

રેડિયો સ્ટેશન/વેબસાઇટ/સોશિયલ મીડિયા ચેનલઃ

રેડિયો સ્ટેશન/વેબસાઇટ/સોશિયલ મીડિયા ચેનલઃ

રેડિયો સ્ટેશન/વેબસાઇટ/સોશિયલ મીડિયા ચેનલઃ

GET READY

# એક યોજના બનાવો



## આપણે જો ઘરે ફસાઈ જઇએ તો

### શું આપણી પાસે કટોકટીના સમય માટેનો પુરવઠો છે?

ત્રણ કે તેથી વધુ દિવસો માટેના ખોરાક-પાણી (શિશુ અને પાલતું પ્રાણીઓ સહિતના સૌ કોઈ માટે)? બંને માટે ટોર્ચ, રેડિયો અને બેટરીઓ? પ્રાથમિક ઉપચાર/તબીબી પુરવઠો? તે બધી જ ચીજો એક જ બૉક્સમાં હોય તે જરૂરી નથી પરંતુ આપ તેને અંધારામાં શોધી શકો તે રીતે તે મૂકેલી હોવી જોઇએ.

આ ચીજો ક્યાં મૂકેલી છે તેની એક વિગતવાર નોંધ તૈયાર કરો

---

### પાણી, વીજળી અને ગેસને કેવી રીતે બંધ કરવા તે અંગે આપણે જાણીએ છીએ?

આપને જો લાઇનમાંથી ગળતર થતું હોવાની કે તે ક્ષતિગ્રસ્ત થયેલી હોવાની આશંકા હોય કે પછી સત્તા દ્વારા આપને કહેવામાં આવ્યું હોય તો ફક્ત આ જ બંધ કરી દો. આપ જો ગેસને બંધ કરો છો તો આપે તેને ફરી ચાલુ કરવા માટે પ્રોફેશનલની જરૂર પડશે.

પાણી, વીજળી અને ગેસને કેવી રીતે બંધ કરવો તેની વિગતો

---

## આપણે ત્યાં જો વીજળી ન હોય તો

જો વીજળી ન હોય તો આપે શું કરવાનું રહેશે? આપ કેવી રીતે રાંધશો, ઘરમાં ગરમ વાતાવરણ કેવી રીતે જાળવશો, રાત્રે અંધારામાં કેવી રીતે જોશો (મીણબત્તીથી આગ લાગવાનો ભય હોવાથી તેનો ઉપયોગ કરશો નહીં)? એટીએમ બંધ હોવાના કિસ્સામાં આપની પાસે વધારાની રોકડ છે? પેટ્રોલ પમ્પ બંધ હોવાના કિસ્સામાં શું આપની પાસે પૂરતું ઇંધણ છે?

આપના ઘરમાં શેની જરૂરિયાત છે તેની યાદી બનાવો

---

## આપણી પાસે જો પાણી ન હોય તો

જો પાણી ન હોય તો આપે શું કરવાનું રહેશે? શું આપની પાસે પીવાનું પાણી પૂરતી માત્રામાં છે (ત્રણ કે તેથી વધુ દિવસ માટે પ્રતિ દિન પ્રતિ વ્યક્તિ ત્રણ લિટર)? શું આપની પાસે આપના પાલતું પ્રાણીઓ માટે પાણી છે? આપ શેના વડે રાંધશો અને સફાઈ કરશો? શૌચાલય માટે આપ શેનો ઉપયોગ કરશો?

આપના ઘરમાં શેની જરૂરિયાત છે તેની યાદી બનાવો

---

## આપણે જો ઉતાવળમાં ઘર છોડીને નીકળવું પડે તેમ હોય તો

### શું આપણી પાસે (જરૂરી ચીજોને) ઉઠાવી શકાય તેવી બેગ છે?

આપે જગ્યા છોડવી પડે તેમ હોય તો શું દરેક વ્યક્તિ પાસે (જરૂરી ચીજોને) ઉઠાવી શકાય તેવી બેગ* છે? ઘરે, કાર્યસ્થળે, કારમાં?
*ગરમ કપડાં, એક ટોર્ચ, રેડિયો, પ્રાથમિક ઉપચારની કિટ, નાસ્તો, ખોરાક અને પાણી ધરાવતી નાનાકડી બેગ.

(જરૂરી ચીજોને) ઉઠાવી શકાય તેવી બેગને ક્યાં મૂકવામાં આવેલી છે તેની વિગતવાર નોંધ તૈયાર કરો

GET READY

# એક યોજના બનાવો



## આપ ક્યાં જશો?

આપે જગ્યા છોડવી પડે તેમ હોય તો આપ ક્યાં જશો? આપ ત્યાં કેવી રીતે પહોંચશો? આપ જો દરિયાકાંઠે વસતા હો તો એ સુનિશ્ચિત કરો કે તે વિસ્તાર સુનામી ઇવેક્યુએશન ઝોનથી બહાર હોય. આપ જો આપના ઘરે પાછા ફરી શકો તેમ ન હો તો આપ ક્યાં રોકાશો?

**આપ ક્યાં જશો અને ત્યાં કેવી રીતે પહોંચશો તેની વિગતવાર નોંધ તૈયાર કરો**